**નગર અને મહાનગરોના વિકાસ માટે**

**વર્ષ 2014ના પ્રથમ 2 માસમાં 9 ડી.પી. અને 27 ટી.પી. મંજૂર.**

સને 2014ના પ્રથમ બે માસમાં ઈડર અને વડનગરના ડી.પી.ને પ્રાથમિક મંજૂરી આપેલ છે. જ્યારે વેરાવળ, પાટણ, ખેડબ્રહ્મા, આહવા, રાધનપુર, વઘઈ, સાવલી અને માંડવી એમ કુલ 7 નગરના ડી.પી.ને આખરી મંજૂરી આપેલ છે. આમ, કુલ 9 ડી.પી.ને મંજૂરી મળતાં, આ નગરોના આયોજનબધ્ધ વિકાસને વધુ વેગ મળશે.

વધુમાં, અમદાવાદની 9, સુરતની 4, વડોદરાની 5, રાજકોટની 2, જામનગરની 2, અંજારની 4 અને ગાંધીનગરની 1 એમ કુલ મળીને 27 ટી.પી.સ્કીમોને મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકીની 9 ડ્રાફ્ટ સ્કીમો છે, જેને મંજૂરી મળવાથી આ ટી.પી.ના વિસ્તારમાં સત્તામંડળ/મહાનગરપાલિકાને આંતર માળખાકીય સવલતો ઉપલબ્ધ બનાવવી સુગમ બનશે. જ્યારે 5 પ્રીલીમનરી સ્કીમોની મંજૂરીથી સત્તામંડળ/મહાનગરપાલિકાને જાહેરહેતુ માટે ફાઈનલ પ્લોટ મળશે તેમજ 13 ફાઈનલ સ્કીમોની મંજૂરીથી ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન વસુલવાની કાર્યવાહી સત્તામંડળ/મહાનગરપાલિકા કરી શકશે. આમ, મહાનગરોની 27 ટી.પી.સ્કીમોને મંજૂરી મળવાથી સુગ્રથિત આયોજનબધ્ધ વિકાસને વેગ મળશે અને આંતરમાળખાકીય સવલતો ઉપલબ્ધ બનશે.

સૌનો સાથ.. સૌનો વિકાસ... જય જય ગરવી ગુજરાત...